**<u>ફોજદારી કેસ નં. ૧૦૦૭૦૪/૨૦૦૦</u>**

**<u>આંક-૧ તળે હુકમ</u>**

કેસ રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપી પર ભારતીય દંડ સંહીતાની કલમ ૧૧૪, ૪૨૦ મુજબના ગુનાનો આરોપ છે. જે ગુનાનુ ચાર્જશીટ સને ૨૦૦૦ માં થયેલુ. જે ચાર્જશીટ આધારે આરોપી વિરૂધ્ધ વારંવાર સમન્સ / વોરંટ ઇશ્યુ કરવામાં આવેલ પરંતુ આવા પ્રોસેસોની બજવણી આરોપીને થયેલ હતી નહી અને આરોપી લાંબા સમયથી કોર્ટમાં હાજર રહેતા ન હોય ક્રીમીનલ મેન્યુઅલ પેરા નં.૨૧૧ મુજબ હાલનો કેસ ડોરમેન્ટ ફાઇલ રજીસ્ટરે મુકેલ હતો. પરંતુ સદરહુ કેસ સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્રમાં આપેલ મર્યાદામાં સમાવેશ થતો હોય અને સદર કેસ સુરતના કલેક્ટરશ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી દ્વારા થયેલ હુકમ એમએજી/ડોરમન્ટકેસ/વશી.૨૪૭૩/૨૦૨૪, તા.૧૧/૦૯/૨૦૨૪ ના હુકમ મુજબ સદર કેસ વિડ્રો થાય તેમ હોય તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ વિ.એ.પી.પી.શ્રી એ વિડ્રો પુરસીસ આપેલ છે. આમ વિ.એ.પી.પી.શ્રી ની વિડ્રો પુરસીસ ધ્યાને રાખી સદર કેસ સી.આર.પી.સી. કલમ ૩૨૧ અન્વયે વિડ્રોથી કેંસલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

મુકામ - સુરત

તારીખ - ૧૪/૦૯/૨૦૨૪

(એ.એ.વાયડા)

છઠ્ઠા એ.સી.જે.એમ.,સુરત

કોડ નં.જીજે-૦૦૯૮૬